# રોહિત શર્માના ૧૬ છગ્ગા સાથે ૨૦૯ રન

## તોફાની બેટીંગ કરી દિવાળીના એક દિવસ પહેલા આતશબાજી કરી



બેંગ્લોર,તા. ૨

બેંગ્લોરના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ પર દિવાળીના એક દિવસ પહેલા જ રોહિત શર્માએ રનોની જોરદાર આતશબાજી કરીને વિશ્વક્રિકેટમાં ક્રિકેટ પ્રેમીઓને રોમાંચિત કરી દીધા હતા અને અનેક રેકોર્ડ પોતાના નામ પર કરી દીધા હતા. અનેક વનડે રેકોર્ડ તોડ્યા હતા. રોહિત શર્માએ શરૂઆતથી જ ફટકાબાજી શરૂ કરી હતી અને છેલ્લે સુધી ઓસ્ટ્રેલિયન બોલરોને મેદાનની ચારે બાજુ ફટકાર્યા હતા. રોહિત શર્માએ માત્ર ૧૫૮ બોલમાં ૧૨ ચોગ્ગા અને ૧૬ છગ્ગા સાથે ૨૦૯ રન ફટકાર્યા હતા. કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની ૩૮ બોલમાં સાત ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૬૨ રન બનાવીને રનઆઉટ થયો હતો. ભારતે ૫૦ ઓવરમાં છ વિકેટે ૩૮૩ રનનો જુમલો ખડક્યો હતો. મેદાન પર ઉપસ્થિત મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો રોહિત શર્માની રનોની આતશબાજીને લઈને રોમાંચિત થઈ ગયા હતા.

ધોની અને રોહિત શર્માએ પાંચમી વિકેટની ભાગીદારીમાં ખૂબજ ઝડપથી ઝંઝાવાતી બેટીંગ કરીને ઓસ્ટ્રેલિયન બોલરોની હાલત કફોડી કરી નાંખી હતી. રોહિત શર્મા અને ધોની સામે ઓસ્ટ્રેલિયન બોલરો નિઃસહાય દેખાયા હતા. રોહિત શર્મા અને ધોનીની આક્રમક બેટિંગની સાબિતી એનાથી મળે છે કે ઓસ્ટ્રેલિયાના ચાર બોલરોએ ૭૦થી પણ વધુ રન ૧૦ઓવરમાં આપ્યા હતા જે પૈકી મકાયે ૧૦ ઓવરમાં ૮૯ રન આપ્યા હતા જ્યારે કોલ્ટરે ૮૦રન આપ્યા હતા. અગાઉ ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો જે તેના માટે આત્મઘાતી સાબિત થયો હતો. રોહિત શર્મા અને શિખર ધવનની જોડીએ પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૧૧૨ રન બનાવ્યા હતા. શિખર ધવન ૬૦ રન બનાવીને આઉટ થયો હતો જેમાં નવ ચોગ્ગાનો સમાવેશ થાય છે. હજુ સુધી શાનદાર ફોર્મમાં રહેલા વિટાર કોહલી શૂન્ય રને આઉટ થતા ભારતીય ક્રિકેટ છાવણીમાં સોંપો પડી ગયો હતો પરંતુ રોહિત શર્માએ બાજી સંભાળી લઈને ઓસ્ટ્રેલિયાની આશા પર પાણી ફેરવી દીધુ હતુ.

## શિવસેનામાં પણ ખેંચતાણની સ્થિતિ

મુંબઈ,તા.૨

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે શિવસેનામાં પણ ખેંચતાણની સ્થિતિ દેખાઈ રહી છે. આવનાર દિવસો શિવસેના માટે પણ પડકારરૂપ રહે તેવી શક્યતા છે. શિવસેના સાથે છેડો ફાડવાની તૈયારી પણ મનોહર જોષી કરી ચૂક્યા હોવાના અહેવાલ મળી ચૂક્યા છે.જોકે પક્ષની અંદર રહેલા ટોચના સભ્યો મનોહર જોષી સાથે સતત સંપર્કમાં રહીને તેમને મનાવવાના પ્રયાસ કરી રહ્યા છે. પક્ષની લીડરશીપ સાથે મનોહર જોષીની ખેંચતાણ ચાલી રહી છે. એવું જાણવા મળી રહ્યું છે કે મનોહર જોષી લોકસભાની ચૂંટણી લડવાની ઈચ્છા ધરાવે છે. પરંતુ ઉદ્ધવ ઠાકરે મુંબઈ સાઉથ સેન્ટ્રલ સંસદીય બેઠક પર તેમના દાવાને ટેકો નહીં આપવાના મૂડમાં છે. બીજી બાજુ ઉદ્ધવ ઠાકરેએ બ્રિહાન મુંબઈ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર રહેલા રાહુલ સેવાલેને આ બેઠક પરથી વર્ષ ૨૦૧૪ની ચૂંટણી લડવાની તૈયારી કરવા કહી દીધું છે. આવી સ્થિતીમાં ઉદ્ધવ ઠાકરે અને મનોહર જોષી વચ્ચે ખેંચતાણની સ્થિતિ દેખાઈ રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે જો રાજઠાકરેની પાર્ટી એમએનએસ અથવા તો મહારાષ્ટ્ર નવનિર્માણ સેના મનોહર જોષીને આ બેઠક પરથી ચૂંટણી લડવાની ઓફર કરશે તો સમીકરણો બદલાઈ શકે છે. મહારાષ્ટ્રમાં શિવસેનાની અંદર ચાલી રહેલી ખેંચતાણ ચિંતા ઉપજાવે તેવી છે. શિવસેનાના કાર્યકરો પણ આ પ્રકારની સ્થિતિને લઈને ચિંતાતુર થયેલા છે. મુંબઈ સાઉથ સેન્ટ્રલને વર્ષ ૧૯૮૯ બાદથી જ શિવસેનાના ગઢ તરીકે ગણવામાં આવે છે. જો કે વર્ષ ૨૦૦૯માં કોંગ્રેસના એકનાથ ગાયકવાડે સેનાના સુરેશ ગંભીરને હાર આપી હતી. રાજઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના શિવસેના સાથે અલગ પડી જતાં ૨૦૦૯માં આ સ્થિતિ સર્જાઈ હતી. પરંતુ ઉદ્ધવ ઠાકરે ૨૦૧૪માં આવી કોઈ તક લેવા ઈચ્છુક નથી. સાઉથ સેન્ટ્રલ મુંબઈમાં દલીત મતોની સંખ્યા ખૂબ વધારે છે. વર્ષ ૨૦૦૯માં તેઓ કોંગ્રેસની સાથે રહ્યા હતા. આ વખતે સ્થિતિ જુદી બની રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે ઉદ્ધવ ઠાકરે એમ માની રહ્યા છે કે જોષી મીડિયામાં ભોગ બની રહ્યા છે તેવી વાત ફેલાવાના પ્રયાસ કરી રહ્યા છે. જોષી અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે હાલમાં જ કલાકો સુધી બેઠક યોજાઈ હતી. જેમાં ઉદ્ધવે કહ્યું હતું કે સાઉથ સેન્ટ્રલ શિવસેનાની બેઠક છે અને આ બેઠક ઉપર ઉમેદવારની પસંદગી શિવસેનિકો સાથે વાતચીત કર્યા બાદ કરવામાં આવશે. જોષી આવનાર દિવસોમાં નવુ વલણ અપનાવી શકે છે. ઉદ્ધવ ઠાકરે શિવસેનામાંથી જોષી નીકળે તેવી શક્યતા જોતા નથી.

## ગુલમર્ગ ઠંડુગાર : તાપમાન માઈનસ ૪.૨ ડિગ્રી નોંધાયુ

શ્રીનગર,તા. ૨

જમ્મુ કાશ્મીરના ગુલમર્ગમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ છે. અહીં તાપમાન માઈનસ ૪.૨ ડિગ્રી થઈ ગયું છે. જેથી લોકો વ્યાપક ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગે કહ્યું છે કે જમ્મુ કાશ્મીરના ઉનાળા પાટનગર કાશ્મીરમાં રાત્રી તાપમાનમાં ફેરફાર થતા લોકોને મિશ્ર તાપમાનનો અનુભવ થઈ રહ્યો છે. શ્રીનગરમાં લઘુતમ તાપમાન ૨.૮ ડિગ્રી નોંધાયું છે. ગઈકાલે તાપમાન ૪.૮ ડિગ્રી રહ્યું હતું. ગઈકાલની સરખામણીમાં તાપમાનમાં ઘટાડો થયો છે. દક્ષિણ કાશ્મીરના રિસોર્ટ શહેર પહલગામમાં તાપમાન ગઈકાલે રાત્રે ૧.૮ ડિગ્રીથી ઘટીને ૦.૮ ડિગ્રી થઈ ગયું છે. જમ્મુ કાશ્મીરમાં આ વખતે ઠંડીની સિઝન ગયા વર્ષ કરતા પહેલા શરૂ થઈ છે. વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ ખીણમાં અન્ય સ્થળોમાં તાપમાન ઘટ્યું છે. પરંતુ લઘુત્તમ તાપમાન શુન્ય ડિગ્રી કરતા ઉપર રહ્યું છે. લડાખ પ્રદેશમાં લેહ ખાતે લઘુત્તમ રાત્રી તાપમાન માઈનસ ૨.૪ ડિગ્રી રહ્યું છે. જે ગઈકાલે માઈનસ ૧.૧ ડિગ્રી રહ્યું હતું. ખીણના ગુલમર્ગ અને અન્ય ઉંચાણવાળા વિસ્તારોમાં બુધવારે રાત્રે સિઝનમાં પ્રથમ વખત હિમવર્ષા થઈ હતી. જે ગુરૂવારના દિવસે પણન જારી રહી હતી. ગુલમર્ગ અને અન્ય વિસ્તારોમાં સિઝનની પ્રથમ હિમવર્ષાના કારણે તમામ વિસ્તારોમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. આગામી દિવસોમાં હજુ વધારે વરસાદ અને હિમવર્ષા થવાની આગાહી કરાઈ હોવાથી વાતાવરણ વધારે આદર્શ બની શકે છે. આવી સ્થિતીમાં પ્રવાસીઓ ઉમટી શકે છે.

**મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન પાટિલે ખુલાસો કર્યો**

## ફાંસી પૂર્વે કસાબે આત્મહત્યા માટેનો પણ પ્રયાસ કર્યો હતો

મુંબઈ,તા. ૨

મુંબઈના ભીષણ ત્રાસવાદી હુમલા દરમિયાન જીવતા પકડી પાડવામાં આવેલા એકમાત્ર ત્રાસવાદી કસાબને ગયા વર્ષે ફાંસી આપી દેવામાં આવી હતી પરંતુ હવે આ અંગે કેટલીક ચોંકાવનારી બાબતો સપાટી પર આવી છે. એવી વિગત સપાટી પર આવી છે કે કસાબે આર્થર રોડ જેલમાં ફાંસી પહેલા આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સાથે સાથે પોતાના અંતિમ સમયમાં અધિકારીઓ સમક્ષ માફીની માંગ પણ કરતો હતો. જ્યારે તેને ફાંસી આપવા માટે યરવાડા જેલમાં લઈ જવામાં આવ્યો ત્યારે તે ભયભીત હતો. તે સતત જીવનદાન આપવાની માંગ કરી રહ્યો હતો. મહારાષ્ટ્રના ગૃહ પ્રધાન આરઆર પાટિલે એક અગ્રણી અખબારના દિવાળી વિશેષાંક માટે આપવામાં આવેલી મુલાકાતમાં કહ્યું છે કે કસાબની ટેવ ખુબ વિચિત્ર હતી. તે દિવસભર ઉંઘી રહેતો હતો. કોઈ પણ કારણ વગર હિંસક થઈ જતો હતો. પાટિલે કહ્યું છે કે તે પોતાની સુરક્ષામાં તેનાત રહેલા સુરક્ષા જવાનને પણસલાહ સુચન કરતો હતો.

ગૃહ પ્રધાને કહ્યું હતું કે એક વખતે તેને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પાટિલે કહ્યું હતુ કે ધરપકડ કરવામાં ાવ્યા બાદ તે બિલકુલ દહેશતમાં ન હતો પરંતુ ફાંસી માટે લઈ જવામાં આવ્યો ત્યારે તે ભયભીત હતો. કસાબની નારાજગીનો ઉલ્લેખ કરતા પાટિલે કહ્યું હતું કે સેલમાં લઈ જતી વેળા તે પોલીસ અધિકારીઓ પર કેટલીક વખત હુમલો કરી દેતો હતો. કસાબને ફાંસી પર લટકાવવાના ઓપરેશનને ઓપરેશન એક્સ નામ આપવામાં આવ્યું હતુ. ગૃહ પ્રધાને કહ્યું હતું કે સમગ્ર ઓપરેશનને ગુપ્ત રાખવા માટે કસાબને મુંબઈથી પુણે લઈ જતી વેળા આ સમગ્ર મામલામાં સામેલ રહેલા અધિકારીઓના મોબાઈલ પણ થોડાક સમય માટે લઈ લેવામાં આવ્યા હતા. કસાબ અંગે નવી વિગત સપાટી પર આવતા તર્ક વિતર્કનો દોર શરૂ થયો છે. આગામી દિવસોમાં આને લઈને પણ રાજકીય પક્ષો વચ્ચે નિવેદનબાજી થાય તેવી શક્યતા છે.

## સચીન નિવૃત્તિ બાદ બધા વિકલ્પો ખુલ્લા જ રાખશે

નવી દિલ્હી, તા. ૨

માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચીન તેંડુલકર મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ઉપર રમાનારી વિન્ડીઝ સામેની ટેસ્ટ મેચ બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર થઈ જશે. કારણ કે તે ૨૦૦મી ટેસ્ટ મેચ રમ્યા બાદ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત પહેલાંથી જ કરી ચૂક્યો છે. ક્રિકેટ બાદ સચીન તેંડુલકર શું કરશે તેને લઈને ક્રિકેટ ચાહકો અને અન્યોમાં ચર્ચા ચાલી રહી છે ત્યારે સચીનના નજીકના લોકોનું કહેવું છે કે સચીન તેંડુલકર તેના તમામ વિકલ્પો ખૂલ્લા રાખનાર છે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે સચીન તેંડુલકર ખાદ્ય ચીજવસ્તુઓ, પાણી અને વીજળીની અછત જેવી મૂળભૂત સમસ્યાઓને ઉકેલવાની દિશામાં પોતાનું કામ કરશે. જ્યારે બીજી બાજુ કેટલાક જાણકાર નિષ્ણાંતોનું એમ પણ કહેવું છે કે નિવૃત્તિ લીધા બાદ સચીન તેંડુલકરની બ્રાન્ડ ઉપર કોઈ અસર થશે નહીં. કારણ કે તેની લોકપ્રિયતા અભૂતપૂર્વ રહી છે અને તે દાખલારૂપ બેટ્સમેન તરીકે ઊભરી ચૂક્યો છે આવી સ્થિતિમાં તેની બ્રાન્ડ ઉપર કોઈ અસર થશે નહીં. બ્રાન્ડ વેલ્યુની દ્રષ્ટિએ આજે મહેન્દ્રસિંહ ધોની અને વિરાટ કોહલી આગળી નીકળી ચૂક્યા છે પરંતુ નિષ્ણાંતોનું કહેવું છે કે સચીન તેંડુલકરની બ્રાન્ડ ઉપર તાત્કાલિક કોઈ અસર થશે નહીં. સચીનના મેનેજરો નિવૃત્તિને લઈને પહેલાથી જ ઘણી કંપનીઓ સાથે વાત કરી ચૂક્યા છે.

સચીન તેંડુલકર નિવૃત્તિ લીધા બાદ પણ જુદા જુદા કામમાં વ્યસ્ત થયેલો છે. તે યુવા ક્રિકેટરોને પણ પ્રોત્સાહન આપી શકે છે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે મુંબઈમાં બાન્ડા કુર્લા સંકુલમાં તે હાલમાં વિન્ડીઝ સામેની ટેસ્ટ મેચને લઈને નિયમિતપણે પ્રેક્ટીસ કરી રહ્યો છે. છેલ્લા ૨૪ વર્ષ ક્રિકેટમાં ગાળા બાદ સચિન તેંડુલકર નિવૃત્તિ લેવા તૈયાર થઈ ચૂક્યો છે.

## મોદી પટના બ્લાસ્ટના ભોગ બનેલાના સંબંધીઓને મળ્યાં

પટના,તા. ૨

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આજે સવારે પટના સિરીયલ બ્લાસ્ટમાં માર્યા ગયેલા લોકોના પરિવારના સભ્યોને મળ્યા હતા અને પક્ષ તરફથી તમામ મદદ કરવાની ખાતરી આપી હતી. આ સિરીયલ બ્લાસ્ટમાં છ લોકોના મોત થયા હતા અને સૈકડો લોકો ઘાયલ થયા હતા. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે નરેન્દ્ર મોદી સૌથી પહેલા જૂના પટના વિસ્તારમાં ગૌરીચક પહોંચ્યા હતા અને અજીમચક ગામના નિવાસી રાજ નારેનસિંહના સગાસંબંધીઓને તમામમદદ કરવાની ખાતરી આપી હતી. નારેનસિંહનું સિરીયલ બ્લાસ્ટમાં મોત થયું હતું. ભાજપના નેતાએ સિંહના ફોટાઓ ઉપર માળા ચઢાવી હતી અને ફ્લોર ઉપર તેમના પરિવારની સાથે બેઠા પણ હતા. તેઓએ પક્ષ તરફથી પાંચ લાખનો ચેક પણ આપ્યો હતો. ભાજપના ધારાસભ્ય પણ આ વખતે તેમની સાથે રહ્યા હતા. નારેનસિંહ એક ખેડૂત હતા અને જયપ્રકાશ નારાયણના સમર્થક હતા. તેઓ મોદીની રેલીમાં પરિવારને જાણ કર્યા વગર ગયા હતા. ગુજરાતના મુખ્યમંત્રીને આ બાબત બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર શિંદેએ આપી હતી. વિપક્ષના નેતા નંદકિશોર યાદવ પણ મોદીની સાથે ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના ધારાસભ્ય અરુણ સિંહાએ કહ્યું હતું કે પરિવાર દ્વારા સિંહના ત્રણ પુત્ર પૈકી એકને નોકરી આપવાની માંગ કરી છે. મોદીએ આમા પણ તપાસ કરવાની ખાતરી આપી છે. સિંહના બે પુત્રો સૈનામાં છે. મોદીની યાત્રા બે કલાક મોડેથી શરૂ થઈ હતી. કારણ કે ધુમ્મસની સ્થિતિ રહી હતી. હવામાન સ્પષ્ટ થવાની સાથે જ તેઓ પટનાથી ૨૫ કિલોમીટરના અંતરે સ્થિત ગૌરાયચક માટે રવાના થઈ ગયા હતા. હેલિકોપ્ટર મારફતે તેઓ રવાના થયા હતા. રાજ્યના



ગેટ્સહાઉસમાં નરેન્દ્ર મોદી રોકાયેલા છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પણ મોદીની યાત્રાને લઈને ગોઠવવામાં આવી હતી. બિહાર પોલીસ ઉપરાંત ગુજરાતના ૧૫૦ પોલીસ અધિકારીઓ જેમાં એક એડીશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ રેન્કના અધિકારીનો સમાવેશ થાય છે. મોદી માટે ઝેડ પ્લસની સુરક્ષા વ્યવસ્થા ઉપરાંત બિહાર સરકારે એલર્ટની પણ જાહેરાત કરી હતી. અત્રે નોંધનીય છે કે ૨૭મી ઓક્ટોબરે મોદીની હુંકાર રેલીમાં સિરીયલ બ્લાસ્ટ થયા હતા જેમાં છ લોકોના મોત થયા હતા. આ બ્લાસ્ટમાં ઈન્ડિયન મુજાહીદીનની સંડોવણી પ્રાથમિક રીતે ખુલી રહી છે. મોદી પૂણેથી શુક્રવારે રાત્રે ૧૧.૧૫ વાગે પટના પહોંચી ગયા હતા. વિમાની મથકે તેમનું સુશીલકુમાર મોદી, નંદકિશોર યાદવ, સહનવાઝ હુસૈન, રવિશંકર પ્રસાદ, ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા સ્વાગત કરાયું હતું.

## મુઝફ્ફરનગરમાં સ્થિતી હજુ પણ તંગ : મજબુત સલામતી

**કોમી હિંસા ભડકી ઉઠ્યા બાદ બધી જગ્યાએ વધારે જવાન તૈનાત**

મુઝફ્ફરનગર,તા. ૨

ઉત્તરપ્રદેશના કોમી હિંસાગ્રસ્ત મુઝફ્ફરનગર જિલ્લાના કેટલાક ભાગોમાં આજે કોમી હિંસાના ત્રણ દિવસ બાદ સ્થિતી તંગ રહી હતી. તમામ સંવદેનશીલ જગ્યાએ મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. તાજેતરમાં જ નવી કોમી હિંસાના બનાવોમાં ત્રણ લોકોના મોત થયા હતા અને કેટલાક લોકો ઘાયલ થયા હતા. તમામ જગ્યાએ પોલીસ અને અર્ધલશ્કરી દળના જવાનો ફરજ બજાવી રહ્યા છે. પેટ્રોલિંગની પ્રક્રિયા વધારે તીવ્ર બનાવી દેવામાં આવી છે. મુઝફ્ફરનગરના એસપી એચએમ સિંહે કહ્યું હતું કે વિસ્તારમાં કોઈ પણ અનિચ્છનીય બનાવને ટાળવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. બુધાના પોલીસ સ્ટેશન હેઠળ મોહમ્મદપુર રાઈસિંહ ગામ ખાતે ૩૦મી ઓક્ટોબરના દિવસે કોમી હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ત્રણ લોકોના મોત થયા હતા અને કેટલાક લોકો ઘાયલ થયા હતા. કોમીહિંસાના સંબંધમાં આઠ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. આ ઉપરાંત કોમીહિંસાના સંબંધમાં ૧૫ લોકો સામે કેસ દાખલ કરીને વધારે તપાસ હાથ ધરવામાં આવી છે. હિંસાના નવા રાઉન્ડ દરમિયાન ધરપકડ કરવામાં આવેલા લોકોને મુક્ત કરવાને લઈને વિરોધ પ્રદર્શનનો દોર આજે ચાલ્યો હતો. દરમિયાન સપ્ટેમ્બરમાં કોમી હિંસાને ઉશ્કેરવામાં ભૂમિકા અદા કરનાર બનાવટી વિડિયો અપલોડ કરનાર ભાજપના ધારાસભ્ય સંગીત સોમની જ્યુડિશિયલ કસ્ટડીને સ્થાનિક કોર્ટે ૧૪મી નવેમ્બર સુધી વધારી હતી.

## ઉત્તર પ્રદેશમાં ડુંગળી ભરેલી ટ્રકની લૂંટ : ૩ પકડી પડાયાં

લખનૌ, વારાણસી,તા. ૨

ડુંગળીની કિંમત આસમાને પહોંચી છે ત્યારે ડુંગળીની એક ટ્રક ઉત્તર પ્રદેશમાં લૂંટી લેવાનો ચોંકાવનારો મામલો પણ સપાટી ઉપર આવ્યો છે. એક ટોળકીએ ઉત્તર પ્રદેશમાં ડ્રાઈવર અને ક્લીનરની હત્યા કરીને ડુંગળી ભરેલી ટ્રક લૂંટી લીધી હોવાના અહેવાલ મળ્યા છે. જહોનપુરમાં એક ગેંગ અંગે આ સંદર્ભમાં માહિતી હાથ લાગી છે. પોલીસે કહ્યું છે કે ડુંગળી ભરેલી ટ્રકને ટોળકીના સભ્યોએ લૂંટી લીધી હતી. ડ્રાઈવર અને ક્લીનરની હત્યા કરી દેવામાં આવી હતી. આ બનાવ ગયા મહિને બન્યો હતો પરંતુ મામલો હવે સપાટી ઉપર આવ્યો છે. પૂછપરછ દરમિયાન ગુનેગારોએ હત્યાની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું છે. ટોળકીના સભ્યોને પકડી પાડવામાં આવ્યા બાદ પૂછપરછ કરાતા સમગ્ર મામલાનો પર્દાફાશ થયો છે. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ ગુનેગારોએ બદલાપુર અને સિંગ્રામાઉ વચ્ચે ડ્રાઈવરના મૃતદેહને ફેંકી દીધો હતો જ્યારે ક્લીનરના મૃતદેહને આ લોકોએ સુલતાનપુર જિલ્લામાં લમભુઆ નજીક ફેંકી દીધો હતો. પોલીસે કહ્યું છે કે આ ટોળકી તામિલનાડુ અને આંધ્રપ્રદેશથી આવતી ડુંગળીની ટ્રકોને ટાર્ગેટ બનાવતી હતી. હજુ સુધી પાંચ ગેંગસ્ટરોને પકડી પાડવામાં આવ્યા છે. ત્રણ ફરાર છે. ગુરુવારના દિવસે જહોનપુર પોલીસે ત્રણ શખસો ભોનુ કશ્યપ, દયા સંકટ અને ભરતલાલની ધરપકડ કરી હતી.

ઉત્તર પ્રદેશ-મધ્ય પ્રદેશની સરહદ ઉપર આ ત્રિપુટીને પકડી પાડવામાં આવી હતી. તેમની પાસેથી લૂંટવામાં આવેલી ડુંગળીનો જથ્થો મળી આવ્યો હતો. તપાસ કરવામાં આવતા આરોપીઓએ કહ્યું હતું કે ડ્રાઈવર-ક્લીનરની હત્યા કરતા પહેલાં ડુંગળીની લૂંટ ચલાવવામાં આવી હતી. આઝમગઢમાં ટામેટા ભરેલી ટ્રકને પણ લૂંટી ચૂક્યા છે.

## વડાપ્રધાનની આંધ્ર અને ઓરિસ્સા યાત્રા રદ્દ થઈ

**વડાપ્રધાન મનમોહનસિંહે વાવાઝોડાગ્રસ્ત ઓરિસ્સા અને આંધ્રપ્રદેશની મુલાકાતને રદ્દ કરી દીધી હતી. આજે વડાપ્રધાન આ બંને રાજ્યોની મુલાકાત લેનાર હતા. જો કે આ સંબંધમાં કોઈ ચોક્કસ કારણ આપવામાં આવ્યુ નથી. પીએમઓના સુત્રોએ કહ્યુ છે કે બંને રાજ્યોની મુલાકાત હાલ પૂરતી રદ્દ કરી દેવામાં આવી છે. ૧૨મી ઓક્ટોબરના દિવસે વાવાઝોડુ ફેલિન ત્રાટક્યુ હતુ જેમાં અભૂતપૂર્વ નુકશાન થયુ હતુ. મનમોહનસિંહ આ બંને રાજ્યોની મુલાકાત લઈને વાવાઝોડાગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેનાર હતા પરંતુ તેઓએ આ યાત્રા હાલપૂરતી ટાળી દીધી છે. લોકો એમ માની રહ્યા હતા કે બંને રાજ્યોની મુલાકાત દરમિયાન નાણાંકીય સહાયતા પણ જારી કરવામાં આવશે. વડાપ્રધાન પહેલાથી જ વાવાઝોડામાં માર્યા ગયેલા લોકોના નજીકના સંબંધીઓને બે-બે લાખ રૂપિયા અને ગંભીરરીતે ઘાયલ થયેલા લોકો માટે ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી ચુક્યા છે. આ મહિનાની શરૂઆતમાં વાવાઝોડાની અસરની સમીક્ષા કરવામાં આવી ચુકી છે. અહેવાલો પણ તૈયાર કરવામાં આવી ચુક્યા છે. ટૂંકમાં એમની યાત્રાની નવી તારીખ જાહેર થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.**

## બ્રિટનમાં ભણતાં ભારતીય વિદ્યાર્થીઓમાં ઘટાડો થયો

લંડન, તા.૨

કઠોર વિઝા નિયમો અને કઠોર ઈમીગ્રેશન કાયદાઓના પરિણામ સ્વરૂપે બ્રિટિશ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં હવે ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ વચ્ચે ૧૦ હજારથી પણ ઓછા ભારતીય વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવવા માટે બ્રિટન પહોંચ્યા છે. પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ માટે બ્રિટન પહોંચેલા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૫ ટકા સુધીનો ઘટાડો થયો છે. નવેસરના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૦-૧૧માં બ્રિટિશ યુનિવર્સિટીમાં પ્રવેશ લેનાર ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૩૯૦૯૦ હતી જે ઘટીને ૨૦૧૧-૧૨માં ૨૯૯૦૦ થઈ ગઈ છે. પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી માટે ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવા માટે કઠોર કાયદા જવાબદાર રહ્યા છે. બીજી બાજુ પાકિસ્તાની વિદ્યાર્થીઓની સંખ્યામાં ૧૩.૪ ટકા જ્યારે સાઉદી અરબિયામાંથી પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ચાર ટકાનો ઘટાડો થયો છે પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ માટે બ્રિટિશ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર ચીની વિદ્યાર્થીઓની સંખ્યામાં આ જ ગાળા દરમિયાન ૧૭ ટકા સુધીનો વધારો નોંધાયો છે. ઘટાડો થયા બાદ પણ ભારત અને ચીનના વિદ્યાર્થીઓ બ્રિટનમાં તમામ બિલ યુરોપીયન યુનિયન વિદ્યાર્થીઓમાં સૌથી વધારે છે અને સંખ્યા ૩૫ ટકાની આસપાસ છે. નવા આંકડામાં જણાવવામાં આવ્યુંછે કે બ્રિટનમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે ૨૪.૯૬ લાખ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો જે પૈકી ૨૦.૬૧ લાખ અથવા તો ૮૨.૬ લાખ બ્રિટિશ સંબંધિત હતા. બ્રિટિશ વડાપ્રધાન કેમરુન અને ગૃહસચિવ મે મહિનામાં નેટ માઈગ્રેશનને ઘટાડવા માટે રાજી થઈ ગયા છે. ભારતીય વિદ્યાર્થીઓને આના કારણે મુશ્કેલી નડી શકે છે.

